# રાજ્યભરમાં ઠંડીનો ચમકારો

## નલિયામાં પારો ગગડીને ૧૫.૬ ડિગ્રી નોંધાયો : અમદાવાદ શહેરમાં પણ લઘુત્તમ તાપમાન ઘટીને ૧૭.૮ ડિગ્રી થયું : અમદાવાદ શહેરમાં જોરદાર ઠંડીનો અનુભવ

અમદાવાદ સહિત રાજ્યભરમાં ઠંડીના પ્રમાણમાં એકાએક તીવ્ર વધારો થઈ ગયો છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ફરી એકવાર ઘટાડો થયો છે. નલિયામાં પારો ગગડીને ૧૫.૬ ડિગ્રી થયો છે. આવી જ રીતે ડિસામાં પણ લઘુત્તમ તાપમાન ૧૫.૬ સુધી નીચું રહ્યું છે. અમદાવાદમાં આજે સવારથી જ ઠંડીનો ચમકારો રહ્યો હતો. લઘુત્તમ તાપમાન ૧૭.૮ ડિગ્રી રહેતા લોકો દિવસ દરમિયાન પણ ગરમ વસ્ત્રોમાં દેખાયા હતા.

હવામાન વિભાગના કહેવા મુજબ આવતીકાલે અમદાવાદમાં મુખ્યરીતે વાદળછાયુ વાતાવરણ રહેશે નહીં. આગામી ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થશે નહીં પરંતુ ત્યારબાદ બેથી ત્રણ દિવસ દરમિયાન પારો બેથી



ત્રણ ડિગ્રી સુધી ઘટી શકે છે. વહેલી સવારમાં અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. મોટાભાગના લોકો મોડી રાત્રે ગરમ વસ્ત્રોમાં પણ નજરે પડવા લાગી ગયા છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે.

ફુલગુલાબી ઠંડીમાં વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. ફિટનેસ મેળવવા માટે જીમમાં જતા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. હાલમાં મિશ્ર સિઝન હોવાના લીધે નાના બાળકો અને મોટી વયના લોકોને સાવધાન રહેવાનો પણ ગાળો છે. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના બેવડી સિઝનના ઈન્ફેક્શન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો વધુ આવી રહ્યા છે.

લઘુતમ અને મહત્તમ તાપમાનમાં હાલ ફેરફાર નહીં થાય તેમ માનવામાં આવે છે. આજે સવારે પણ ઠંડી નોંધાઈ હતી. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ હવે ઠંડીનો અનુભવ થવા લાગી ગયો છે. વિશેષ કરીને સવારમાં વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. નલિયામાં ગઈકાલની સરખામણીમાં આજે તાપમાનમાં ઉલ્લેખનીયરીતે ઘટ્યો હતો. હજુ નલિયામાં પારો ગગડે તેવા સંકેત છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા વિસ્તારોમાં નિચલી સપાટી ઉપર ઉત્તરીય પૂર્વથી પૂર્વીય પવાનો ફુંકાવાથી તાપમાનમાં નજીવા ફેરફારની સ્થિતિ રહેશે. આજે સવારે અમદાવાદમાં વાતાવરણ ધુમ્મસવાળું રહ્યું હતું અને ઠંડી અનુભવાઈ હતી. ભાવનગરમાં લઘુત્તમ તાપમાન ૧૯.૪ ડિગ્રી રહ્યું છે. ભુજમાં પણ પારો ગગડીને ૧૬.૬ ડિગ્રી થયું છે. રાજકોટમાં પણપારો ૧૬.૨ ડિગ્રી રહ્યું છે. હાલમાં હવામાનમાં આવેલા પલટાને પરિણામ સ્વરુપે એકાએક ઠંડી વધી ગઈ છે. પડોશી રાજ્ય રાજસ્થાનમાં જોરદાર ઠંડી છે.

# શામળાજીમાં ધો.૧૨ની વિદ્યાર્થીની છેડતી અંગે પીડિતાના પરિવારજનોએ કલેક્ટરને રજુઆત કરી

શામળાજી, તા. ૭

અરવલ્લી જીલ્લામાં અસામાજિક તત્ત્વો બેફામ બની બિન્દાસ્ત મહિલાઓ અને વિદ્યાર્થીઓની છેડતી કરતા હોવાની બૂમો ઉઠી રહી છે. આબરૂ જવાની બીકે રોડ રોમિયોની છેડતીનો ભોગ બનેલી મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થીનીઓ પોલીસ ફરિયાદ કરતા ખચકાટ



અનુભવતા રોમિયોને છૂટો દોર મળ્યો છે. રોમિયોને પકડવા માટે અરવલ્લી પોલીસ ડ્રાઈવ ચલાવતી હોવાના દાવા પોકળ સાબિત થયા છે. શામળાજીમાં ધો.૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ખુલ્લેઆમ છેડતી થતા પીડિતા અને તેના પરિવારજનોએ આરોપીને કડક સજા કરવામાં આવેની માંગ સાથે જીલ્લા કલેક્ટર અને પોલીસવડાને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી.

શામળાજીમાં થોડા દિવસ અગાઉ આદિવાસી સમાજની ધો.૧૨ની વિદ્યાર્થીનીની ખુલ્લેઆમ છેડતી કરી બિભસ્ત માંગણી કરી વિદ્યાર્થિનીએ પ્રતિકાર કરતા વેણપુરના ગણપતસિંહ ઈન્દ્રસિંહ જાડેજા નામના આવારા શખ્સે વાળ પકડી પછાડી દેતા અને જાતિવિષયક આપત્તીજનક શબ્દો બોલી ફરાર થઈ જતા વિદ્યાર્થિનીએ શામળાજી પોલીસસ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ એસસી, એસટી સેલના ડીવાયએસપી ગઢવીને સોંપતા આરોપીને દબોચી લઈ ગુન્હામાં વપરાયેલી બાઈક કબ્જે લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શામળાજીના એક શૈક્ષણિક સંકુલમાં ધો.૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સંકુલમાં પીવાના પાણીની સગવડ ના હોવાથી ૩ વિદ્યાર્થીનીઓ સાથે સંકુલ બહાર પાણી પીવા ગઈ હતી તે સમય દરમિયાન આઈટીઆઈમાં અભ્યાસ કરતો ગણપતસિંહ ઈન્દ્રસિંહ જાડેજા (રહે,વેણપુર) બાઈક લઈ વિદ્યાર્થીની સાથે છેડતી કરતા વિદ્યાર્થીનીઓ આવાક બની રોમિયો યુવકનો પ્રતિકાર કરતા ઉશ્કેરાઈ ગયો હતો અને જાતિવિષયક ટિપ્પણી કરી એક વિદ્યાર્થિનીના વાળ પકડી જમીન પર પટકી નાખી ફરાર થઈ જતા વિદ્યાર્થિનીએ તેના પરિવારજનોને સમગ્ર ઘટનાની જાણ કરતા સગીરાના પરિવારજનો અને સગીરાએ રોમિયોને પાઠ ભણાવવા શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી એસસી એસટી સેલને સોંપતા એસટી-એસટી સેલના ડીવાયએસપી ગઢવી અને તેમની ટીમે આરોપી ગણપતસિંહને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

શનિવારે છેડતીનો ભોગ બનેલી પીડિતાના પરિવારજનોએ પવિત્ર યાત્રાધામમાં હવે વિદ્યાર્થીનીઓ પણ સલામત ન હોય એવો કિસ્સો બનતા અન્ય વિદ્યાર્થીની, મહિલાઓ કે યુવતીઓ આવા સડકછાપ રોડ રોમિયો અને અસામાજિક તત્વોનો ભોગ ન બને તે માટે જીલ્લા કલેક્ટર અને જીલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપી આરોપીને કડક સજા કરવામાં આવેની માંગ કરી હતી.

# બાયડના સાઠંબા નવી વસાહતમાં જનતા રેડ

## ગેરકાયદે ચાલતા કતલખાના પર જનતા ત્રાટકી, ગૌ હત્યા થતી હોવાથી આશંકા

હિન્દુત્વનો રાગ આલાપીને ખોબલે ખોબલે મેળવી સત્તાના સિંહાસને બિરાજનાર ભાજપ સરકારના શાસનમાં કસાઈઓને ખુલ્લો દોર મળ્યો છે. કસાઈઓ પશુપાલકોના ઘર આંગણે બાંધેલી ગાયો સહીત પશુઓની બિન્દાસ્ત પણે ચોરી કરી કતલખાને ધકેલી દેતા હોય છે. અરવલ્લી જીલ્લામાં ગેરકાયદેસર કતલખાનાઓમાં મોટા પ્રમાણમાં ગૌહત્યા થઈ રહી છે અને ગૌમાસ અમદાવાદ સહીત ગુજરાતભરમાં નિકાસ કરવામાં આવે છે.

બાયડ તાલુકાના સાઠંબા ગામની નવી વસાહતમાં ધમધમતા ગેરકાયદેસર કતલખાનામાં ગૌ હત્યા કરી ગૌ માંસ વેચાણ થતું હોવાની બૂમો ઉઠતા જાગૃત યુવાનોએ જનતારેડ કરતા કસાઈઓ નાસી છૂટ્યા હતા. ગૌ માંસ મળી આવતા યુવકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. આ અંગે સાઠંબા પોલીસને જાણ કરતા જનતારેડની જાણ થતા દોડતી થઈ હતી અને ઘટનાસ્થળે



પહોંચી તપાસ હાથ ધરી હતી.

સાઠંબા ગામની નવી વસાહતમાં ગેરકાયદેસર કતલખાનામાં કેસાઈઓની હિમ્મત વધતા છેલ્લા કેટલાક સમયથી પશુઓની સાથે ગૌ હત્યા કરી ખુલ્લેઆમ ગૌ માંસ વેચાણ શરૂ કરવામાં આવતા હિન્દુ સમાજની લાગણી દુભાતા ગેરકાયદેસર કતલખાનું બંધ કરવામાં આવેની માંગ છતાં બિન્દાસ્ત બનેલ કસાઈઓ કોઈને ગાંઠતા ન હતા. પોલીસતંત્ર જાણે આંખો બંધ કરી દીધી હોય તેમ ગેરકાયદેસર કતલખાના અંગે બેધારી નીતિ અપનાવતા ન છૂટકે જાગૃત યુવકોએ જનતારેડ કરતા ગેરકાયદેસર કતલખાનામાંથી ગૌ હત્યાના કરાયાના પુરાવા અને ગૌ માંસ મળી આવતા યુવકો અને જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો હતો. જનતારેડના પગલે પીએસઆઈ રાઓલ અને તેમની ટીમે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ચોપડે ગેરકાયદેસર કતલખાના અંગે કે પછી ગૌ વંશ હત્યા અંગે કોઈ પણ પ્રકારનો ગુન્હો નોંધાયો ન હોવાનું સાઠંબા પોલીસસ્ટેશનના પીએસઓએ જણાવ્યું હતું

**સાઠંબા પીએસઆઈ ગેરકાયદેસર કતલખાના અંગે જણાવ્યા અનુસાર**

સાઠંબા પીએસઆઈ રાઓલને નવી વસાહતમાં ગેરકાયદેસર કતલખાનામાં ગૌ હત્યા થતી હોવાની આશંકાએ જનતારેડમાં ગૌ માંસ અને ગાયની હત્યા કરાયેલ અવશેષો મળી આવ્યા હોવા અંગે ટેલિફોનિક પૂછપરછ કરતા તપાસ ચાલુ હોવાનો રાગ આલાપી ફોન કટ કરી દીધો હતો.

# એસ્સાર સ્ટિલનુ નાદારીનુ નિરાકરણ નહિ આવે તો ૧૬૦૦ એસએનઈ ઉદ્યોગો ખતરામાં : ૨ લાખ લોકો રોજગારી ગુમાવશે

એસ્સાર સ્ટીલ લિ. દ્વારા નાદારી નોંધાયા બાદ ૨૦૧૬માં કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરાયેલો આઈબીસી કોડ હેઠળ એસએનઈ ઉદ્યોગોને આનો કોઈ ફાયદો નહી મલવાને કારણે દેશભરમાં એસ્સાર સ્ટીલનો માલ સપ્લાય કરવા અંદાજીત ૧૬૦૦થી વધુ એમએસઈ ઉદ્યોગો બંધ થશે. એને લઈને અંદાજે ૨ લાખ કરતા પણ વધુ લોકો બેરોજગાર બનશે. તેમ હોમ ઓપરેશનલ ક્રેડીટર્સ એસોસીએસનના ચેરમેન ચંદુભાઈ અગ્રવાલે જણાવ્યુ હતુ.

આજે અમદાવાદ ખાતે એસ્સાર સ્ટિલ લિ.ને માલ સપ્લાય કરવા ઓપરેશનલ ક્રેડીટર્સ એસોસીએશનના ચેરમેને પક્ષકારો સાથેની વાતચીત દરમ્યાન જણાવ્યુ હતુ કે કેન્દ્ર સરકારે આઈબીસી ૨૦૧૬માં જે કાયદો બનાવ્યો હતો તેનો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે ક્રેડિટની ઉપલબ્ધતા અને સરકારની ચુકવણી સહિતના તમામ રાહ ભાગીઓના સંતુલન માટે હતો. પરંતુ તાજેતરમાં એસ્સાર સ્ટીલ લિમીટેડમાં આ કાયદા અંતર્ગત માલ સપ્લાઈ કરવા એસએનઈ ઉદ્યોગોનો લેણદારોમાંથી કાંટો કાઢી નાખ્યો છે અને આવા સમગ્ર દેશમાં ૧૬૦૦ જેટલા એસએનઈ ઉદ્યોગો છે. જેમની લેણાની રકમ રૂ. ૯૬૦ કરોડથી વધુ થાય છે. જો કેન્દ્ર સરકાર હસ્તકના મીનીન્દ્રા ઓફ કોર્પોરેટ ફીના તાત્કાલીક અને કોઈ ઉકેલ નહિ આવે તો દેશભરમાં ૧૬૦૦થી પણ વધુ એસએનઈ ઉદ્યોગો બંધ થશે જેને લીધે અંદાજીત ૨ લાખથી પણ વધુ લોકો બેરોજગાર થશે.

અમારી મુખ્ય માંગણી એ છે કે રૂ. ૪૦૮૦૪ કરોડના જે નાણાંકીય લેણદારોને ચુકવવાના છે તેમાંથી તો માટે ૨ ટકા રકમ નાણાંકીય લેણદારો ઓછા લે તો આમાંથી ૮૦૦ કરોડ એસએનઈ ઉદ્યોગને ફળવાય તો આ એસએનઈ ઉદ્યોગો ટકી શકે સાથે સાથે ઓસી માટે લિકિવડેશન વેલ્યુ કનોપ્ટને દૂર કરી બંધારણના આર્ટિકલ ૧૪ મુજબ સમાન અને સમકક્ષ વિતરણ કરવાની માંગ કરી છે.

તેમણે અંતમાં જણાવ્યુ હતુ કે જો કેન્દ્ર સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે આની પર ચર્ચા કે નિકાલ નહિ લાવે તો અમો મોટા કોર્પોરેટ ગૃહોને માલ સપ્લાય કરવાનુ બંધ કરી દઈશુ.

# ધાનેરામાં ફુડ અધિકારીઓની બંધ બારણે તપાસ કામગીરી બાબતે અનેક તર્કવિતર્ક

ધાનેરા એટલે અખાદ્ય જથ્થો વેચવાનું ખુલ્લું મેદાન હોય એવું લાગી રહ્યું છે બજારમાં દરરોજ હજારો લીટર ઘી અને તેલ ખુલ્લેઆમ વેચાય રહ્યું છે બીડી ગુટખા સહિત અનેક ચીજવસ્તુઓનું ડુપ્લીકેટ



ધાનેરાની બજારમાં ખુલ્લેઆમ ફુડ અધિકારીની મીઠી નજર હેઠળ વેચાઈ રહ્યું છે. ગઈકાલે ફુડ અધિકારીઓ ગુતું પકડીને મોટો વાઘ માર્યો હોય એવો દેખાવ કર્યો. આઝાદ ગુતું સેન્ટર અને સુપર ગુતું સેન્ટરમાં દરોડા પાડીને સેમ્પલ લેવાય પણ આ ફુડ અધિકારીને ખુલ્લેઆમ વેચાતા તેલ-ઘી સહિત અન્ય અખાદ્ય જથ્થો દેખાતો નથી. હોટલ પર કોઈ ચેકિંગ કરવામાં આવતું નથી નાસ્તાની દુકાન પર કોઈ તવાહી બોલાવવા તૈયાર નથી કેમ કે આવા બેનબરી વેપારીઓ જોડે ફુડ વિભાગને સારા સંબંધો છે જેની પાસે મનમેળ ન હોય એવી જગ્યાએ તપાસનું નાટક કરી કામગીરી બતાવવામાં આવી રહી છે ત્યારે સવાલ એ પણ ઉભા થઈ રહ્યા છે કે સુ ડુપ્લીકેટ વસ્તુઓ બજારમાં આ અધિકારીઓને દેખાતી નથી ? કે પછી અધિકારીઓ અને વેપારીઓ વચ્ચે કઈ ફિક્સ થયેલું છે ? દરરોજ ખુલ્લેઆમ વેચાતો અખાદ્ય જથ્થો પકડવામાં આ ફુડ અધિકારીઓને કયો ગ્રહ નડે છે મસમોટી વાતો કરતા ફુડ અધિકારીઓ અખાદ્ય જથ્થાની સાચી તાસીર સામે લાવતા કેમ નથી કે પછી બધાને સાચવી લેવાની કસમ ખાઈને નોકરી લીધી છે જે હોય તે પણ હાલ તો ધાનેરા માં ફુડ અધિકારીઓએ ગુતું પકડી ને મોટો વાઘ માર્યો છે એ કહેવું જ રહ્યું.

# શામળાજી આશ્રમ નજીકથી આંતરરાજ્ય હથિયાર સપ્લાયર અને લૂંટ હત્યાના બે ખૂંખાર આરોપી પિસ્તોલ સાથે પકડાયા

શામળાજી, તા. ૭

ગુજરાત અને રાજસ્થાન રાજ્યમાં ગેરકાયદેસર પિસ્તોલનો વેપલો કરનાર અને ધાડ ચોરી, લૂંટના અને હત્યાની કોશિષના



ગુન્હામાં સંડોવાયેલ ઝારખંડના ખૂંખાર આરોપીએ અરવલ્લીના ભિલોડા શહેરના આંબલી બઝારમાં શરણ લીધી હતી અને છેલ્લા કેટલાક સમયથી રહેતો હોવાની અને ગુરુવારે વહેલી સવારે રાજસ્થાનના ઉદેપુરથી હથિયારો સાથે ભિલોડા ઘરે આવવાનો હોવાની બાતમી જીલ્લા એલસીબી પોલીસને મળતા શામળાજી આશ્રમ ચોકડી નજીક વોચ ગોઠવી વિજય ઉર્ફે ચંદન રામસ્વરૂપ પાસવાનને બે લાયસન્સ વગરની પિસ્તોલ સાથે દબોચી લઈ રાજસ્થાન અને ગુજરાતના અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં વણઉકેલ્યા ૧૮ ગુન્હાનો ભેદ ઉકેલી નાખી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

ઝારખંડ રાજ્યના પ્રતાપપુર તાલુકાના મંચ ગામાનો વિજય ઉર્ફે ચંદન રામસ્વરૂપ પાસવાન રાજસ્થાન રાજ્યમાં અને ગુજરાત રાજયમાં ગેરકાયદેસર અન્ય રાજ્યમાંથી પિસ્તોલ અને બંદૂક જેવા મારક હથિયારોનું વેચાણ કરતો હોવાની સાથે બંને રાજ્યોમાં ચોરી લૂંટ અને હત્યાની કોશિશના બેખોફ બની ગુન્હા આચરતો હતો. રાજસ્થાનમાં ૧૩ ગુન્હામાં વોન્ટેડ હોવાથી રાજસ્થાનને અડીને આવેલા ગુજરાતના ભિલોડા શહેરમાં આંબલી બઝારમાં રહેતો હતો અને અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ૫ ગુન્હામાં તેની સંડોવણી બહાર આવતા ગુજરાત-રાજસ્થાન પોલીસને હાથતાળી આપી બંને રાજ્યોમાં છુપાતો રહેતો હતો અને ગેરકાયદેસર પિસ્તોલ વેચાણ કરી બંને રાજ્યોની પોલીસના નાકે દમ લાવી દીધો હતો.

અરવલ્લી જીલ્લા એલસીબી પીએસઆઈ કે.કે. રાજપૂત અને તેમની ટીમે બાતમીના આધારે શામળાજી આશ્રમ ચોકડી નજીકથી ગુરુવારે વહેલી સવારે દેશી બનાવટની બે પિસ્તોલ સાથે વિજય ઉર્ફે ચંદન રામસ્વરૂપ પાસવાનની ઝડપી તેની પાસેથી જીવતા કારતુસ નંગ-૭ અને મોબાઈલ-૧ મળી કુલ રૂ. ૪૪૦૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

# તલોદ કોલેજ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૭

શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળ તલોદ સંચાલિત શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટીએસએમ કોમર્સ કોલેજ, તલોદ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જિલ્લા ચૂંટણી અધિકારીના આદેશ અનુસાર એનસીસી અને એનએસએસના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ કોલેજમાં ઈન્ચાર્જ આચાર્ય પ્રો. મુકેશભાઈ પરીખના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. નાયબ મામલતદાર નિકુંજભાઈ અને વિજયભાઈ તથા તલોદ મામલતદાર ઓફિસનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આચાર્યએ પ્રાસંગિક પ્રવચન આપ્યુ હતુ અને નાયબ મામલતદારે કોલેજના વિદ્યાર્થીઓને મતાધિકાર વિશે માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમનુ આયોજન એનએસએસ પ્રોગ્રામ ઓફિઈસર ડૉ. દિલીપકુમાર ચાવડાએ કર્યુ હતુ અને આભારવિધિ ડૉ. સીતાબેન પટેલે કરી હતી. એનસીસી મેજર પ્રો. મુકેશભાઈ પટેલ તથા કોલેજ સ્ટાફ પરિવાર અને એનએસએસના સ્વયંસેવક અને એનસીસીના વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો.

### દેશભરમાં રોષ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટેના હિમાયતી હોવાનું પૂરવાર કર્યું હતું. જો કે માલીવાલ દ્વારા મહિલાઓની સુરક્ષા માટે જ કેન્ડલ માર્ચનું આયોજન કરાયું અને પોલીસે તેને અટકાવતાં જે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા તેના પગલે એવી ટીકા થઈ હતી કે મહિલા સુરક્ષા માટે સંસદમાં ગાજી ગાજીને બોલનાર મંત્રી ઈરાની મહિલા સુરક્ષા માટેની રેલીને અટકાવવામાં આવી અને બળ પ્રયોગ થયો છતાં એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી જેની નોંધ મિડિયા અને રેલીમાં જોડાયેલા લોકોએ લીધી હતી. આ લખાય છે ત્યારે દિલ્હીમાં મહિલા સુરક્ષા માટેની કેન્ડલ માર્ચ રેલીમાં ભારે બબાલ ચાલી રહી છે. અને આવી રેલી ભાજપ સિવાયના પક્ષે યોજી હોવાથી તેને રાજકિય લાભ ના મલે તેવા કોઈ આશયથી પોલીસનો ઉપયોગ થઈ રહ્યો હોવા પણ આરોપો થઈ રહ્યાં છે.

### મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મદદનીશ સબઈન્સ્પેક્ટર હરીશચંદ્ર ગિરી ઘાટશિલામાં બૂથ નંબર ૨૩૪ પર તૈનાત હતા ત્યારે હાર્ટ એટેક આવ્યો હતો. ફરજ પર ઘટના સ્થળે રહેલા અન્ય પોલીસ કર્મીઓ તેમને નજીકની હોસ્પિટલ લઈ ગયા હતા.જ્યા ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ પોલીસ કર્મી યુપીના આઝમગઢનો હતો. શનિવારે ઝારખંડ વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાના મતદાન દરમિયાન, સીસાઈમાં કેટલાક અસામાજિક તત્વોએ સુરક્ષા દળોના હથિયારો છીનવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારબાદ સુરક્ષા દળોની જવાબી કાર્યવાહીમાં એક વ્યક્તિ માર્યો ગયો હતો અને બે અન્ય ઘાયલ થયા હતા. સીસાઈ વિધાનસભા મત વિસ્તારના ચરાડા પંચાયત વિસ્તારમાં બાભની ગામ સ્થિત પોલિંગ સ્ટેશન નંબર પર સુરક્ષા દળોએ કરેલી કાર્યવાહી બાદ સ્થાનિક ગ્રામજનો રોષે ભરાયા હતા અને પથ્થરમારો શરૂ કર્યો હતો અને આ મતદાન મથકે મતદાન બંધ કરવું પડ્યું હતું.

### સીજેઆઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેસના નરાધમોને પોલીસે એન્કાઉન્ટરમાં ઠાર મારી દીધા હતા. તમામ આરોપીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ દેશભરમાં આને લઈને એકબાજુ ઉજવણી થઈ હતી જ્યારે બીજી બાજુ કેટલાક રૂઢિવાદી લોકોએ આની સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા જેમાં કેટલાક નેતાઓનો સમાવેશ થાય છે. કોંગ્રેસના નેતા શશી થરુર, ડાબેરી નેતા સીતારામ યેચુરી અને વિવાદાસ્પદ નેતા ઓવૈસી દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતા શશી થરુરે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, આ પ્રકારના બનાવો લોકશાહીને ખતરનાક દિશામાં લઈ જશે. બીજી બાજુ એક વર્ગે પોલીસ કાર્યવાહીની પ્રશંસા કરીને દેશભરમાં ઉજવણી કરી હતી. ફટાકડા પણ ફોડવામાં આવ્યા હતા. મિઠાઈઓ વહેંચવામાં આવી હતી.

### ઝુંપડાના દબાણો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. સે-૩ ન્યુમાં વન આરક્ષિત વિસ્તારમાં દબાણોની હારમાળા જોવા મળી રહી છે. જયારે દબાણો દુર કરવા માટે વનતંત્ર દ્વારા છેલ્લા ઘણાં સમયથી કોઈ કાર્યવાહી હાથ ધરાઈ નથી જેના લીધે સેકટરોના વન આરક્ષિત વિસ્તારમાં દબાણોની સંખ્યા વધી રહી છે. હાલ પણ સે-૩ ન્યુ આર ટી ઓ પાછળના વિસ્તારમાં દબાણો વધતા સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. આ વિસ્તારમાં રહેણાંક વિસ્તાર નજીક ઝુંપડાઓની કતાર જોવા મળી રહી છે. ઝુંપડાના દબાણોના લીધે વન આરક્ષિત વિસ્તારમાં ગંદકી સહીતના અનેક પ્રશ્નો સ્થાનિક રહીશો માટે શિરદર્દ સમાન બન્યા છે. રહેણાંક નજીક પાંગરેલી ઝુંપડા વસાહતના લીધે સ્થાનિક વિસ્તારમાં દુષણો પાંગરી રહ્યા છે. જયારે આસપાસના રહીશોમાં સલામતીને લગતા પ્રશ્નો પણ ઉઠવા પામ્યા છે.

### જન્મદર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સદનસીબ થતી નથી. માની કૂખ જ બાળકીનુ કાસળ કાઢનાર મા-બાપને કસાઈ જ કહેવાય અને વધુમાં વ્યંગમાં રાવલે કહ્યું કે માણસમાંથી બધા ડોક્ટર બની શકે છે પણ બધા ડોક્ટર માણસ બને છે ખરા ? રાવલે ઉપસ્થિત સમાજના બૌધિક ડોક્ટર વર્ગને સદર સમસ્યા પરત્વે સંવેદનશીલ બની સામાજિક જવાબદારી અદા કરવા અને સમાજમાં ઘટતી જતી દિકરીઓની સંખ્યામાં વધારો થાય એ માટે સરકારની ઝુંબેશને સાથ સહકાર આપવા અપીલ કરી હતી. આવનાર દિવસોમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગાંધીનગર જિલ્લામાં જે ગામોમાં કોઈ પણ ઘરે પ્રથમ દિકરીનો જન્મ થશે તે દિકરીના ઘરે ઢોલ-નગારા સાથે દિકરીના જન્મને જિલ્લાતંત્ર દ્વારા વધામણું કરવામાં આવશે અને બેટી બઢાવો બેટી બચાવો ઝુંબેશને સઘન બનાવવામાં આવશે. આ કાર્યક્રમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાંથી ડાયરેક્ટર ડૉ. વૈદ્યે કાયકાદીય સમજ આપતુ પ્રેઝનટેશન રજુ કર્યુ હતુ અને અંતમાં આભારવિધિ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ કરી હતી. કાર્યક્રમમાં પીસીપીએનડીટી કમિટીના ચેરમેન ચંદાબેન યાદવ, વરિષ્ઠ ગાયનેકોલોજીસ્ટ નૌતમબા પરમાર અને વિશાળ સંખ્યામાં ડોક્ટર્સ હાજર રહ્યા હતા.

### ટેકાના ભાવે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધીમી ગતિએ આ પ્રક્રિયા ચાલી રહી છે. જો કે તંત્ર એ વાતનો ઈન્કાર કરી રહેલ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૬૦૦થી વધુ ખેડૂતોને ખરીદી માટે ઉત્પાદન લઈ આવવા જણાવ્યુ હતુ પરંતુ ૨૮૦ ખેડૂતો જ હજુ સુધી આવ્યા છે. ખરીદી પ્રક્રિયા આગામી દિવસોમાં વેગીલી બનશે. હાલ રવિ સીઝનની વાવણી પણ ચાલી રહી હોવાથી ખેડૂતો ઓછો પ્રતિસાદ જરૂર આપી રહ્યા છે. તંત્રમાં ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે ૩૭૦૦ થી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે જે નોંધનીય છે.

જિલ્લામાં ૬ હજાર હેક્ટરથી પણ વધારે વિસ્તારમાં મગફળીનુ વાવેતર થયુ હતુ. આ વખતે પણ મગફળીનુ મબલખ ઉત્પાદન સારા પાછોતરા વરસાદને કારણે થશે તેવુ ખેડૂતોનુ કહેવુ છે.

### ટૂંકું સત્ર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમિયાન રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ નિર્ણયો સંદર્ભે વિગતો વિધાનસભાના ફલોર પરથી જવાબો આપવામાં આવશે. આ ઉપરાંત આઠ જેટલા સરકારી વિધેયકો પસાર કરવામાં આવશે. જેમાં ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ સુધારા વિધેયક, ગુજરાત માલ અને સેવા વેરા સુધારા વિધેયક, ગુજરાત જમીન મહેસુલ તૃતિય સુધારા વિધેયક, ગુજરાત સહકારી મંડળી દ્વિતીય સુધારા વિધેયક, ગુજરાત સુક્ષ્મ લઘુ તથા મધ્યમ ઉદ્યોગ સાહસો (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા) અંગેનું સુધારા વિધેયક, ગુજરાત વિદ્યુત શુલ્ક દ્વિતીય સુધારા વિધેયક, ગુજરાત વ્યવસાયી ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ તથા ફી નિર્ધારણ) બાબત સુધારા વિધેયક અને સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરીઝમ ગવર્નન્સ વિધેયક રજૂ કરવામાં આવશે. જાડેજાએ ઉમેર્યુ કે, રાષ્ટ્રભરમાં સંવિધાનની ૭૦મી વર્ષગાંઠની શાનદાર ઉજવણી થઈ રહી છે એ સંદર્ભે મુખ્યમંત્રી દ્વારા પ્રસ્તાવ તથા પૂજ્ય મહાત્મા ગાંધી બાપુની ૧૫૦મી જન્મ જયંતી ઉજવણી સંદર્ભે પણ મુખ્યમંત્રી દ્વારા જ પ્રસ્તાવ લવાશે. જેમાં વિરોધ પક્ષના નેતા સહિત ધારાસભ્યો પોતાના વિચારો રજૂ કરશે. છેલ્લા દિવસે પણ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ થશે. ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, ગુજરાત વિધાનસભાના સત્રના પ્રારંભે કોંગ્રેસ દ્વારા જે કૂચ કરીને ઘેરાવ માટેનું આહવાન કરાયું છે તે સંદર્ભે પણ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે એ માટે પણ પુરતી તકેદારી રાખીને પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.